વાવોલમાં સમી સાંજે મહિલાના ગળામાંથી દોરો તૂટ્યો

બાઈકસવારો દોરો તોડી પળવારમાં પલાયન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક વાવોલ ગામે આજે સમી સાંજે ભરચક બજાર વિસ્તારમાંથી બે બાઈક સવારોએ એક મહિલાના ગળામાંથી એક તોલાનો સોનાનો દોરો ખેંચી આંખના પલકારે પલાયન થઈ ગયા હતા. આ મામલે મહિલાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તજવીજ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીકના વાવોલ ગામે આવેલ શાંતિવન ફ્લેટનાં બી-૧૭ નંબરના મકાનમાં રહેતા ગીતાબેન પ્રકાશભાઈ શુકલ આજે સાંજના સુમારે પોતાના ઘરેથી વાવોલના મુખ્ય બજારમાં કરિયાણું લેવા માટે એકલા ચાલતા નિકળ્યા હતા. આ દરમિયાન વાવોલના ભરચક બજારમાં અચાનક બે બાઈક ચાલકો પોતાનું બાઈક પુરઝડપે હંકારી મહિલા પાસે આવી તેના ગળામાં રહેલ આશરે એક તોલાનો સોનાનો દોરો આંચકી પળવારમાં જ સ્થળ પરથી પલાયન થઈ ગયા હતા. મહિલાએ દોરો તુટતાની સાથે જ બૂમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા. પરંતુ કોઈ સમજે કે શું થયું છે તે પહેલા તો બન્ને બાઈક ચાલકો રફુચક્કર થઈ ગયા હતા. બાદમાં મહિલાએ આ મામલે સેક્ટર-૭ પોલીસમથકમાં જાણ કરતાં પોલીસે ગુનો નોંધી ચેનસ્નેચરો પકડવા માટે તજવીજ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એ. જી. રાઠોડ ચલાવી રહ્યા છે.

ગાંધીનગરના હાર્દસમા એવા ઘ-૫ વિસ્તારમાં આજે વિટકોસની સિટી બસ તેમજ મારુતિકાર વચ્ચે અકસ્માત થયો હતો તે પ્રસંગની તસવીર.

પીંપળજમાં પંચર બનાવવાની નજીવી બાબતે એક ઈસમને ઢોર માર માર્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક આવેલ પીંપળજ ગામે પંચર બનાવવાની નજીવી બાબતે ઝઘડો થયો હતો. આ તકરારમાં એક યુવાનને ઈજા પહોંચી હતી. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરની નજીક આવેલા પીંપળજ ગામમાં રહેતો જગદીશ ગોવિંદભાઈ પરમાર (ઉં.વ.૨૦) ગતરોજ સાંજના સુમારે સાઈકલનું પંચર બનાવવા માટે ગામના જ અરવિંદસિંહ દશરથસિંહ વાઘેલાની દુકાને ગયા હતા. ત્યાં કોઈ કારણોસર જગદીશ અને અરવિંદસિંહ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

જેમાં અરવિંદસિંહે ઉશ્કેરાઈને જગદીશને ગાળો બોલી લાકડી તેમજ ગડદાપાટુનો ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત થયેલ જગદીશને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાટમાં નારાયણી ફ્લેટમાંથી બાઈકની ઉઠાંતરી

શહેર નજીક સ્થિત ભાટ ગામમાં રહેણાંક વિસ્તારમાં પાર્ક કરેલ બાઈકની કોઈ ચોર ઈસમે ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ અડાલજ પોલીસમથકે નોંધાઈ છે.

ભાટ ગામમાં નારાયણ એવન્યુ ફ્લેટમાં બી-૧૦૩ બ્લોકમાં રહેતા નિલેશભાઈ દશરથભાઈ પટેલ પોતાનું બાઈક જીજે-૧૮-કે-૨૮૨૦ ઘર આંગણે પાર્કીંગમાં મુક્યું હતું. ગત તા. ૨૫ મી જાન્યુઆરી દરમિયાન કોઈ ચોર ઈસમોએ તેમના બાઈકની ઉઠાંતરી કરી હતી. આ અંગે તેમણે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેથાપુરમાં પરણીતાએ ગળે દુપટ્ટો બાંધી જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામે સ્થિત સૂર્યકુંજ સોસાયટીમાં ગતરોજ સાંજના સુમારે ૨૨ વર્ષીય પરણીતાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી આત્મહત્યાનું સાચુ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક સ્થિત પેથાપુર ગામે સૂર્યકુંજ સોસાયટી આવેલી છે. જ્યાં લલીતાબેન જીતુભાઈ પુરોહીત પોતાના પરિવાર સાથે રહેતા હતા. આ દરમિયાન ગતરોજ સાંજના સુમારે અગમ્ય કારણોસર પરણીતાએ પોતાના મકાનમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી જીવનલીલા સંકેલી લીધી હતી. બાદમાં પ્રકાશભાઈ પુરોહીતને આ આત્મહત્યા અંગે જાણ થતા તેમણે તાત્કાલિક પેથાપુર પોલીસમાં જાણ કરી હતી જેથી પોલીસે ઘટના સ્થળે આવી મહિલાનો મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપી આ સમગ્ર મામલે આત્મહત્યાનો ગુનો નોંધી ડીવાયએસપી પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના દલિતો દ્વારા વિરમાયા રથનું ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર વિરમાયા રથ સ્વાગત સમિતિ, ગાંધીનગરના કાન્તીભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ત્યાગ અને બલિદાનની ગૌરવગાથાને, દલિત અસ્મિતાને ઉજાગર કરવા તથા સમાજમાં નવચેતના પ્રગટાવવા તેમજ વિરમાયા પ્રત્યેનું ઋણ અદા કરવા ગાંધીનગર દલિતો દ્વારા વિરમાયા રથનું ભવ્ય સ્વાગત કરશે.

વિરમાયા રથનું ભવ્ય સ્વાગત આજે તા. ૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ બપોરે ૩ કલાકે સંતશ્રી રોહિદાસ મંદિર, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે તથા સાંજે ૪ કલાકે સેક્ટર-૭/૨ ખાતે અને સાંજે ૫ કલાકે રામાપીર મંદિર, સેક્ટર-૨૪ ખાતે કરવામાં આવશે. દલિત સમાજના સભ્યો, સ્વાગત સમિતિના સંયોજક ડી.યુ. પરમાર, ગોવિંદભાઈ પરમાર, કાન્તીભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

આજે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૪

કળીયુગના ચિરંજીવી દેવ હનુમાન મહારાજની આરાધના, સાધના અને ઉપાસના કરતાં સુંદરકાંડના પાઠ આજે તા. ૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ને મંગળવારે રાત્રે ૮ કલાકે પટેલ નિવાસ, કારોલી ગામ, કલોલ ખાતે ગાંધીનગરના યુવા કથાકાર સંજય ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે. જેનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા ગાંધીનગરને ટેક્સ ફ્રી સીટી જાહેર કરવા રાજ્ય સરકારને મોકલશે

ગાંધીનગર, તા. ૪

એક આદર્શ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે રાજ્યમાં અને દેશમાં સરકારના પ્રતિષ્ઠા તથા ગૌરવમાં પાલિકાતંત્ર અભિવૃદ્ધિ કરવાનું નિમિત્ત બને તેવા શુભ હેતુથી ગાંધીનગર પાટનગરની સક્રિય સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો આદર કરીને મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિએ તેની સભામાં ગાંધીનગરને ટેક્સ ફ્રી સીટી જાહેર કરવા અંગેનો ઠરાવ પસાર કરીને રાજ્ય સરકારને મોકલવાનું ઠરાવ્યું છે. જેને સેવાભાવી સંસ્થાઓએ બિરદાવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને ટેક્સ ફ્રી સીટી જાહેર કરવા અંગેના ઠરાવ પસાર કરવા અને રાજ્ય સરકારને તે મોકલવા બાબતની કામગીરીને ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, શહેર વસાહત મહામંડળ, જાગૃત નાગરિક પરિષદ વગેરેએ હાર્દિક રીતે આવકારી છે અને મહાનગરપાલિકાના ઉમદા જનહિતકારી અભિગમને બિરદાવ્યો છે.

જગમુક્તેશ્વર ફાઉન્ડેશનના ઉપક્રમે સ્વ. જગદીશચંદ્ર આચાર્યના સાહિત્યનો વિમોચન કાર્યક્રમ સંપન્ન

શ્રી જગમુક્તેશ્વર ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ફાઉન્ડેશનના પ્રેરણાસ્ત્રોત સ્વ. શ્રી જગદીશચંદ્ર આચાર્યના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે મધુર સંગીત સંધ્યાનું ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

ફાઉન્ડેશનના સ્વ. જગદીશચંદ્ર આચાર્યના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે મધુ સંગીત સંધ્યાની સાથે-સાથે સ્વ. શ્રી જગદીશચંદ્ર આચાર્યના ગીતોની સીડીનું વિમોચન તથા તેમના 'સંસ્કૃત સાહિત્ય'નું વિમોચન સમારંભના પ્રમુખ ભાગ્યેશ જહા (આઈ.એ.એસ. સેક્રેટરી સ્પોર્ટસ, યુથ એન્ડ કલ્ચરલ એક્ટીવીટી ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત) અને કીશાંગ ગ્રૂપ ઓફ કંપનીના ચેરમેન રાજુભાઈ રાવલના શુભાસ્તે યોજાયું હતું. કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો માટે સ્વાગત પ્રવચન મેનેજીંગ ટ્રસ્ટી ભરત આચાર્યે કર્યું હતું. મધુર સંગીત સંધ્યા કાર્યક્રમમાં ગાંધીનગરના સાંસ્કૃતિક પ્રેમીજનો સાથે-સાથે સંસ્કૃત ભાષાના વિદ્વાનો, મહાનુભાવો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વ. જગદીશ ચંદ્ર આચાર્યને સ્મરણાંજલિ આપી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે આભારદર્શન ટ્રસ્ટી સુભાષ દવેએ કર્યું હતું.

સ્વર્ણિમ પાર્કની હરિયાળી નિખારવા ૨.૫૦ લાખ લિટર પાણી અપાશે

સરગાસણ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટ તૈયાર પ્રથમ તબક્કામાં આગામી ઉનાળા પૂર્વે સપ્લાય શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૪

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં નિર્માણ પામતા સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવા માટે પ્રતિદિન ૨.૫૦ લાખ લીટર પાણી પુરૂ પાડવામાં આવશે. સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું કામ પૂર્ણતાના આરે હોવાથી ટૂંક સમયમાં બગીચાઓની પાણીની જરૂરિયાત સંતોષવા તબક્કાવાર આયોજન કરવામાં આવશે. પ્રથમ સ્વર્ણિમ પાર્કને અગ્રતા આપી આગામી ઉનાળા પૂર્વે રોજ ૨.૫ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરાશે.

શહેરના રહેણાંક વિસ્તારમાં પ્રતિદિન ૫૫ એમ.એલ.ડી. પાણીનો વપરાશ છે. જ્યારે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાસેથી તંત્ર દ્વારા પાણીની ખરીદી કરવામાં આવે છે. રહેણાંક વિસ્તારમાં સપ્લાય થતા પાણીની પ્રતિ એકહજાર લીટર સ્વભાવિક રીતે જ ઉંચી હોવાથી શહેરના સેક્ટરોમાં સ્થિત અંદાજિત ૬૦ થી વધુ ઉદ્યાનોને પાણી પહોંચતુ કરવાનું કામ તંત્ર માટે મુશ્કેલ બન્યું છે. બીજીતરફ પાણીની જરૂરિયાત ન સંતોષાતા જાળવણીના અભાવે બગીચાઓ ઉજ્જડ બન્યા છે. શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે ત્યારે આ જ પાણી બગીચાઓ માટે સપ્લાય કરવામાં પાણીની ખેંચ સહિત ખર્ચનો મામલો તંત્ર માટે શિરદર્દ સમાન બન્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ દૂષિત પાણીને શુદ્ધ કરી શહેરના બગીચાઓને સપ્લાય કરવા સરકાર દ્વારા સરગાસણમાં નવીન શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત એપ્રિલ મહિનામાં સરગાસણ ખાતે પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. પાણી શુદ્ધિકરણનો ૧૦ એમ.એલ.ડી. ક્ષમતા ધરાવતો પ્લાન્ટ બનાવવા રૂ. ૧૫ કરોડના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરી એક વર્ષના અંતે પૂર્ણતાના આરે છે. જ્યારે હવે આ શુદ્ધિકરણ પ્લાન્ટના આધારે આગામી મહીનામાં સ્વર્ણિમ પાર્કને પાણી પહોંચતું કરવા આયોજન કરી દેવાયું છે. સ્વર્ણિમ પાર્કની હરિયાળી નિખારવા પ્રતિદિન ૨.૫૦ લાખ લીટર પાણી સપ્લાય કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કને અગ્રતા આપી પાણીની વ્યવસ્થા ગોઠવાશે. ત્યારબાદ બીજા તબક્કામાં શહેરના અન્ય ઉદ્યાનોમાં પણ શુદ્ધિકરણ પ્લાન્ટ મારફતે પાણી પહોંચતું કરવા આનુસંગિક કામગીરી હાથ ધરાશે.

ભાજપના બેવડા ધોરણ : કેન્દ્રમાં વિરોધ, ગુજરાતમાં તરફેણ

સુપ્રીમમાં કરાયેલી રિવ્યુ પીટિશનમાં ગુજરાતે લોકપાલની તરફેણ કરી

લોકાયુક્તની નિમણુંકમાં એક દિવસનો વિલંબ પણ ન ચાલે : શક્તિસિંહ

અમદાવાદ, તા. ૪

ભારતીય જનતા પાર્ટી કેન્દ્ર સરકારના લોકપાલ વિધેયકનો રાષ્ટ્રીય સ્તરે વિરોધ કરી રહી છે. બીજી તરફ આજ લોકપાલ વિધેયકનો સંપૂર્ણ બચાવ ઉપરાંત લોકપાલની નિમણુંકની પ્રક્રિયાને પણ ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંક સામેની રીવ્યુ પીટીશનમાં વ્યાજબી ઠરાવે છે. આમ એક જ વિષય ઉપર ભાજપનાં બેવડા ધોરણને ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના પૂર્વ નેતા અને કોંગ્રેસના સિનિયર સભ્ય શક્તિસિંહ ગોહિલે રીવ્યુ પીટીશનની નકલ પત્રકારોને આપીને ખુલ્લાં પાડ્યા હતાં.

શક્તિસિંહે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, કેન્દ્ર સરકારની કેબિનેટ અને સિલેક્ટ કમિટીએ તૈયાર કરેલા લોકપાલ વિધેયક તેમજ રાષ્ટ્રીય ભ્રષ્ટાચારની તપાસ કરવા લોકપાલની તથા સીબીઆઈ જેવી અન્ય ઓથોરીટીની નિયુક્તિ સામે ભાજપ રાષ્ટ્રીય સ્તરે વિરોધ કરે છે. બીજી તરફ ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંક અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે ગુજરાતની ભાજપ સરકારે જે રીવ્યુ પીટીશન કરી છે તેમાં કેન્દ્રીય કેબિનેટ અને સિલેક્ટ કમિટીએ તૈયાર કરેલા લોકપાલ વિધેયક તેમજ લોકપાલની નિયુક્તિની જોગવાઈ કરતી કલમ ૪ ને સંપૂર્ણ વ્યાજબી ઠેરવી છે. એટલું જ નહીં પણ રીવ્યુ પીટીશનમાં તો કેગ, ઈલેક્શન કમિશનર, યુપીએસસી વગેરેમાં પણ જે નિમણુંકો કરે છે તે વ્યાજબી છે અને આવી નિમણુંકો કરવાનો ચૂંટાયેલી કેન્દ્ર સરકારને અધિકાર છે તેવું ગુજરાત સરકારના વકીલોએ લેખિત અને મૌખિક દલિલોમાં જણાવ્યું છે.

શક્તિસિંહે મુખ્યમંત્રીને તેમના જ વિરોધાભાસી વલણના સાણસામાં લેતાં એવો પ્રશ્ને કર્યો છે કે રીવ્યુ પીટીશનમાં આવી દલીલ કરનાર ગુજરાતના મુખ્યમંત્રી કયા મોઢે સીબીઆઈની ટીકા કરે છે?

ગુજરાતના મુખ્યમંત્રી શા માટે લોકાયુક્તની નિમણુંક થવા દેતી નથી તેનું કારણ આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંકમાં એક દિવસનો પણ વિલંબ થાય તો ગુજરાતની જનતાને તો ન ભરી શકાય તેવું નુકસાન થાય છે જ પરંતુ મુખ્યમંત્રી અને ગુજરાતની ભાજપ સરકારનો ભ્રષ્ટાચાર લોકાયુક્તના સાણસામાંથી છટકતો જાય છે.

આ અંગે વધુ સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યુ ંહતુ ંકે, કાયદાની જોગવાઈઓ મુજબ લોકાયુક્ત પાંચ વર્ષ કરતાં જુની ફરિયાદો તપાસી શકતા નથી. એટલે મુખ્યમંત્રી લોકાયુક્તની નિમણુંક વિલંબમાં નાંખીને દિવસે દિવસે તેમણે કરેલા ભ્રષ્ટાચારમાંથી છટકવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ગુજરાતમાં લોકાયુક્તનો કાયદો છતાં ૯ વર્ષથી લોકાયુક્તની નિમણુંક થવા દેતા નથી. પરિણામે સરકારના ભ્રષ્ટાચાર સામે ફરીયાદ કરવાના અધિકારથી ગુજરાતની જનતા વંચિત રહી છે. પોતે ખાતા નથી અને ખાવા દેતા નથી. તેવું વારંવાર જાહેર કરનાર વ્યક્તિ શા માટે લોકાયુક્તની નિમણુંકથી ડરે છે. આ પ્રશ્નમાં જ સરકારના ભ્રષ્ટાચારનો જવાબ મળી જાય છે.

આજે સંત રોહિદાસ મંદિરે ભજન-કીર્તનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ઉત્તર ગુજરાતના દરેક જિલ્લા-તાલુકા અને ગામોમાં ત્રણ-ત્રણ દિવસ ફરી રહેલી વીરમાયા રથયાત્રાનું ગાંધીનગરમાં આગમન થશે. રથયાત્રા નગરમાં આવી રહી હોવાથી તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે અને સંત રોહિદાસ મંદિર ખાતે ભજન-કીર્તનનો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરમાં રથયાત્રા પરિભ્રમણ કરી ફરી રોહિદાસ સેવા સમાજ સ્મૃતિ મંદિર સેક્ટર-૬, ગાંધીનગર ખાતે પરત ફરશે અને રાત્રે માયાના ભજન-કીર્તન કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે હાજર રહી પ્રસંગને ઉજ્જવળ બનાવવા ગાંધીનગરની રથયાત્રા સ્વાગત સમિતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૨ :

ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦

રેસ-૨ : ૩.૪૫, ૧૦.૦૦

ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦

દિવાના મેં દિવાના : ૧૨.૪૫

મેં : ૫.૪૫

રેસ- ૨ : ૭.૩૦

: સ્ક્રીન-૪ :

વિશ્વરૂપમ્ : ૩.૩૦

મેં : ૫.૪૫

ડેવિડ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦

સમજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦

: સ્ક્રીન-૨ :

રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ડેવિડ :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

વિશ્વરૂપઃ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

વિરાગ, કલોલ

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- 'અરે વહુ હવે બહુ થયુ' નામક નાટક કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

વૃષભ : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

મિથુન : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

કર્ક : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

સિંહ : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

કન્યા : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

તુલા : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

ધન : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

મકર : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

કુંભ : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

મીન : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. જયાબા કેશરીસિંહ વાઘેલા (ઉ.વ. ૬૫)મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હરેશભાઈ અરજણજી મારવાડી (ઉ.વ. ૪૧) મુ.પો. દસેલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગાજી વરવાજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. લલિતાબેન જીતેન્દ્રભાઈ પુરોહિત (ઉ.વ. ૨૫) જયજીત સોસાયટી, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.